કરી લીધું. પણ એક બે દિવસમાં જ આડોસી-પાડોસીમાં આ વાત ફેલાઈ ગઈ, અને સૌ કોઈ એમની મશ્કરી કરવા લાગ્યું, આવું નાતજાત વિનાનું છોકરું શું જોઈ ઘરમાં રાખ્યું છે એમ કહી લોકો ઠપકો પણ આપવા લાગ્યાં. અને પેલાં બે જણ ગભરાવા લાગ્યાં, એમને થયું કે આ બાળકને જો ઘરમાં રાખીશું તો લોકો બહુ જ ગુસ્સે ભરાશે. એટલે તેમણે બાળકને એક પારણામાં સુવાડી તે પારણું તબેલાના છાપરામાં લટકાવી દીધું અને પછી એક અંત્યજના કુટુંબને ત્યાં તેને મૂકી આવ્યાં.

એ અંત્યજને ત્યાં બાળક મોટો થવા લાગ્યો. બાળક બહુ બુદ્ધિમાન હતો. શરીરે મહા બળવાન હતો. મોટી ઉંમરનો થતાં તે એક દિવસ પોતાનાં પાલક માબાપની વિદાય લઈને એકલો મુસાફરીએ નીકળી પડ્યો. ચાલતાં ચાલતાં તેને થાક લાગ્યો એટલે એક તાડના ઝાડ નીચે તે આરામ લેવા બેઠો અને ત્યાં ઊંઘી ગયો. અને પછી શું થયું? હ્યુ પૈના ઝુંડમાં તેને જોઈને પેલી સ્ત્રીના હૃદયમાં પ્રેમ થયો હતો તેવો જ પ્રેમ જાણે કે એ તાડવૃક્ષને પણ એ બાળક ઉપર થયો. હવે તાડ જેવું ઊંચું વૃક્ષ પોતાનાં પાંદડાંનો છાંયો એક જ જગાએ લાંબો વખત રાખે એ વાત તો બનવી અશક્ય જેવી લાગે છે. પણ વાર્તા એમ કહે છે કે એ તાડનો છાંયો બાળક સૂતો હતો તેના ઉપર જ સ્થિર થઇ ગયો અને બાળક જાગ્યો નહિ ત્યાં સુધી તે વૃક્ષ પોતાની શીતળ છાયાથી તેનું રક્ષણ કરતું રહ્યું.

*

તો પ્રશ્ન થશે કે આવું કેમ બન્યું હશે?

શા માટે આ બાળકને એના જન્મકાળથી જ રક્ષા મળી હતી? શા માટે આ તાડના વૃક્ષે એનું સૂરજના તાપમાંથી રક્ષણ કર્યું? કારણ કે એ બાળકનું જીવન મહા કીમતી હતું. જતે દિવસે એ બાળક તિરુવલ્લુવર નામે તામિલ ભાષાનો એક મહાકવિ બનવાનો હતો, તેને હાથે 'કુરલ' નામનાં અતિ મધુર કાવ્યો રચાવાનાં હતાં.

આ રીતે જગત માટે જે જે વ્યક્તિઓ કે વસ્તુઓ કંઈ મૂલ્યવાન સંદેશ લઇ આવતી હોય છે તે સર્વની રક્ષા થવાની જરૂર રહે છે.

આપણને બળવાન બાહુ મળ્યા છે એ જાણી આપણે ખૂબ જ આનંદ પામવો જોઈએ. કારણ કે એ બાહુની શક્તિ વડે આપણે જગતમાં જે જે કંઈ સુંદર છે, શુભ છે, સત્ય છે તેનું રક્ષણ કરી શકીશું, એ સર્વને દુષ્ટતાના અને મૃત્યુના પંજામાંથી બચાવી શકીશું.

અને આ સત્ય, શિવ અને સુંદરની રક્ષા માટે આપણે કદી કદી લડવું પણ પડશે, વિનાશ પણ કરવો પડશે.

પૃ. ૧૧૫-૧૧૮, 'સુંદર કથાઓ' — શ્રી માતાજી

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● December 2022
https://themothersprosperity.org

Prosperity
શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2022
DECEMBER
૧ ડિસેમ્બર, ૨૦૨૨

# Building and Destroying
## રચના અને વિનાશ

*Ces histoires ont été écrites pour aider les enfants à se trouver eux-mêmes et à suivre un chemin de rectitude et de beauté*

*Février 1950.*

આ વાર્તાઓ એટલા માટે લખાઈ છે કે એ દ્વારા બાળકોને પોતાનું સ્વરૂપ ઓળખવામાં મદદ થાય અને તેઓ સત્ય અને સૌન્દર્યના માર્ગે જતાં શીખે.

ફેબ્રુઆરી ૧૯૫૦ —શ્રી માતાજી

**CHILDREN,** you all know what it is to build and to destroy. Weapon in hand, the warrior goes forth to destroy. The builder draws up plans, digs foundations, and the toiling hands of men build a farmhouse for the peasant or a palace for the prince.

It is better to build than to destroy, and yet destroying is sometimes necessary.

You, children, who have strong arms and hands, do you only build? Do you never destroy? And if you do, what do you destroy?

Listen to this account of an Indian legend:

A new-born baby lay in a grove. You might think that he was sure to die, for his mother had laid him there and gone away never to return. But it so happened that honey-sweet drops fell from the beautiful flowers of the Illupay tree and nourished the tiny child until a good woman passed on her way to worship great Shiva in the temple near the grove.

At the sight of the infant, her heart was moved with pity; she took him up and carried him to her husband who welcomed him gladly, for he had no son of his own.

The couple adopted the unknown child from the Illupay grove. But very soon the neighbours began to mock them, reproaching them for taking care of a child without caste. So, for fear of displeasing them by looking after the baby themselves, they put him in a hammock hung from the beams of a stable, and entrusted him to an outcaste family.

A few years later the boy, strong in body and bright in mind, said farewell to those who had showed him kindness and set out alone to travel. After walking for some time, he sat down to rest at the floor of a palm-tree. And it happened that the tree took care of him and seemed to love him like the woman who had once taken him up in the Illupay grove. For though it might seem impossible that a tree with such a tall trunk could shelter someone in the shade of its leaves throughout one whole day, the story tells that the shadow did indeed keep still and shield the boy with its coolness for as long as he wished to sleep.

*

Now why should it have happened like that?

Why was the child saved from his very birth and why did the palm-tree shelter him from the heat of the son? Because his life was precious: this child was one day to become the noble Tiruvalluvar, the famous Tamil poet and author of the sweet verses of the Kural.

Thus there are things and beings who must be protected for they bring messages to the world.

Let us be glad to have strong arms so that we can enfold with their strength what is beautiful, good, true, and guard it from evil and death.

And it is to guard these things that we must sometimes fight and destroy.

p.84-86 'Tales of All Times'

– The Mother



**બાળકો**, તમે સૌ જાણો છો કે રચવું એટલે શું અને નાશ કરવો એટલે શું.

સૈનિક હાથમાં હથિયાર લઇ લડવા જાય છે, અર્થાત્ એ નાશનું કામ કરે છે.

મકાનનો બાંધનાર નકશા બનાવે છે, પાયા નાખે છે અને માણસના મહેનતુ હાથ ખેડૂત માટે ઝૂંપડાં બનાવી આપે છે, રાજા માટે મહેલ ચણી આપે છે. એ છે રચવાનું કામ.

વસ્તુનો નાશ કરવો એના કરતાં વસ્તુ બનાવવી એ તો જાણે કે વધુ સારું છે જ. પણ કેટલીક વાર વસ્તુનો નાશ કરવાની જરૂર પણ પડે છે.

બાળકો, તમારા હાથ, તમારા બાહુ તો ખૂબ બળવાન છે, તો કહો તમે માત્ર શું રચના જ કરશો? શું તમે કદી પણ નાશનું કામ નહિ કરો? અને તમારે નાશનું કામ કરવાનું આવે તો કહો, તમે શેનો નાશ કરશો?

સાંભળો, દક્ષિણ ભારતની તમને એક વાર્તા સંભળાવું છું.

એક વખતે ઝાડોના એક ઝુંડમાં એક તરતનું જન્મેલું બાળક પડ્યું હતું. તમને થશે કે એ તો હવે મરી જ જશે . કેમકે એની માં અહીં આવીને તેને મૂકી ગઈ તે કંઈ તેને લેવાને પાછી થોડી આવવાની હતી? ના, પણ બન્યું એવું કે જે ઝાડ હેઠે બાળકને મૂક્યું હતું તે હ્યુ પૈ નામનું ઝાડ હતું. તેના ઉપર સુંદર ફૂલો હતાં અને તેમાંથી મધ જેવો મીઠો રસ ટપકતો હતો. એ રસનાં ટીપાં બાળકના મોંમાં પડતાં રહ્યાં અને બાળકને પોષણ મળતું રહ્યું. અને એટલામાં ત્યાં થઈને એક સ્ત્રી નીકળી. એ ઝુંડમાં એક મહાદેવનું મંદિર હતું અને ત્યાં તે પૂજા કરવા જતી હતી. બાઈ બહાદુર હતી. બાળકને જોઈ તેનું હૃદય પીગળી આવ્યું, તેણે બાળક લઇ લીધું અને પોતાને ઘેર પતિ પાસે લઇ ગઈ. એ બંનેને કોઈ સંતાન ન હતું, એટલે પતિએ બાળકને આનંદપૂર્વક વધાવી લીધું.

એ બંને પતિપત્નીએ તો હ્યુ પૈના ઝુંડમાંથી જડેલા એ અજાણ્યા બાળકને પોતાનું જ બાળક